# ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ ખેતી એ ગામડાના ભોગે નથી થયો : મુખ્યમંત્રી

## અમેરિકા અને કેનેડામાં વસતા ગુજરાતી અને ભારતીય પરિવારો સાથે વિડિયો કોન્ફરન્સ સેટેલાઈટ માધ્યમથી વાર્તાલાપ કર્યો

ગાંધીનગર, તા. ૨૦

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમેરિકા અને કેનેડામાં ગુજરાત દિવસની ઉજવણી કરી રહેલા ગુજરાતી સહિત ભારતીય પરિવારોના આનંદમાં સેટેલાઈટ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સહભાગી થતા ગુજરાતીઓને વિકાસ માટેની ગુજરાતની ક્ષમતા અને સામર્થ્યનું શ્રેય આપ્યું હતું. ભારતને શક્તિશાળી બનાવવા ગુજરાત સર્વાધિક યોગદાન આપી રહ્યું છે અને પ્રત્યેક ગુજરાતી વિશ્વમાં આંખમાં આંખ મિલાવી ગૌરવ લઈ શકે એવા ગુજરાતની વિકાસયાત્રામાં સહભાગી થવાનું આહ્‌વાન પણ તેમણે કર્યું હતું.

ઈન્ડિયન ગુજરાતી સમૂદાય ઓફ નોર્થ અમેરિકાના ઉપક્રમે અમેરિકા અને કેનેડાના બાર પ્રમુખ શહેરોમાં ગુજરાત રાજ્યની ૫૨મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી હતી.

ભારતીય સમય પ્રમાણે આજે રવિવારે સવારે સાત વાગ્યે શ્રી નરેન્દ્રભાઈ મોદી સેટેલાઈટ વિડીયો માધ્યમથી એકી સાથે શિકાગો સહિત બાર શહેરોમાં ઉપસ્થિત ગુજરાતી પરિવારો અને ભારતીય સમૂદાયો સાથે ગાંધીનગરના નિવાસસ્થાનેથી વાર્તાલાપ કર્યો હતો જેનું જીવંત પ્રસારણ ટીવી કેબલ ચેનલો અને મુખ્ય મંત્રીશ્રીની વેબસાઈટ દ્વારા વિશ્વભરમાં સૌએ નિહાળ્યું હતું.

ભારતના વિકાસ માટે ગુજરાતના વિકાસની અનેકવિધ સિદ્ધિઓને આવરી લેતા પ્રેરક સંબોધનમાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, તમે ગુજરાતી હો કે ના હો, ગુજરાતના વિકાસની ચર્ચા દુનિયામાં થઈ રહી છે, એનાથી કોઈપણ પ્રભાવિત છે.

ગુજરાત દિવસની ઉજવણી દ્વારા ગુજરાત પ્રત્યે વતનનો પ્રેમ અભિવ્યકત કરવા માટે પ્રસંશા અને શુભેચ્છા વ્યકત કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, આપણા દેશમાં નિરાશાના વાતાવરણની સ્થિતિ બદલી શકાય છે અને હિન્દુસ્તાન પણ તેનું વિકાસનું સામર્થ્ય દર્શાવવા શક્તિમાન છે એવો વિશ્વાસ ગુજરાતે ઉજાગર કર્યો છે. હિન્દુસ્તાન પછી આઝાદ થયેલા અનેક દેશો વિકાસમાં આગળ વધી ગયા પણ આપણે પાછળ રહી ગયા એ માહોલમાં પરિસ્થિતિ બદલવા માટે ગુજરાતે માર્ગ બતાવ્યો છે.

ગુજરાતની શાસન જવાબદારી ૨૦૦૧માં તેમણે સંભાળી ત્યારથી આજ સુધીના આટલા લાંબાગાળાનું દાયિત્વ નિભાવવા અને સેવા કરવા જે અવસર મળ્યો છે તેમાં જનતાના અઢળક પ્રેમ માટે આભારની લાગણી મુખ્ય મંત્રીશ્રીએ વ્યકત કરી હતી. ગુજરાત કયારેય સંકુચિત સ્વાર્થની સીમામાં રહ્યું નથી અને આપણા મહાન નેતાઓ ઈન્દુચાચા હોય કે રવિશંકર દાદા, મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલ, શ્યામજી કૃષ્ણવર્મા અને સરદારસિંહ રાણા બધાએ આઝાદી માટે અહિંસક સત્યાગ્રહ કે સશસ્ત્ર ક્રાંતિ સંગ્રામ- બંનેની વિચારધારામાં ગુજરાતે જ નેતૃત્વ લીધું હતું. આ મહાન વિરાસતના સપના પુરા કરવા માટે તેમણે ગુજરાતની ભૂમિની સેવા માટે પોતાનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.



ગુજરાતી હવે ગ્લોબલ કોમ્યુનિટી અને ગુજરાત ગ્લોબલ ડેસ્ટીનેશન બની ગયા છે અને એટલે જ ગુજરાતી સર્વપ્રિય છે એમ ગૌરવપૂર્વક જણાવતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત વિશે જૂઠાણા ફેલાવનારા પ્રત્યે ગુજરાતીના મનમાં આક્રોશ જાગે છે. કારણ કે, વિનાશક ભૂકંપ અને તે પહેલાંની આફતોમાંથી ગુજરાતે વિકાસયાત્રા આગળ ધપાવી અને એની એ જ વ્યવસ્થા સંસાધનો છતાં વિકાસને ચાઈ ઉપર આપણે લઈ ગયા છીએ. દશ વર્ષ પહેલાં ગુજરાતનું અર્થતંત્ર રૂા. ૬૫૦૦ કરોડની ખાદ્યવાળું હતું. આજે ગુજરાત એક પણ રૂપિયાનો કરવેરો નાંખ્યા વગર ખર્ચ ઘટાડીને અને પારદર્શી વહીવટથી પુરાંતવાળા અર્થતંત્રની સિદ્ધિ મેળવી શકયું છે એની ભૂમિકા તેમણે આપી હતી.

ગુજરાતનો વિકાસ સમતુલિત અર્થતંત્ર માટેના ત્રણ આધારસ્થંભ ઉપર થઈ રહ્યો છે તેની રૂપરેખા આપતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, કૃષિ, ઉદ્યોગ અને સર્વિસ ક્ષેત્રનો એક સરખો વિકાસ આ સરકારે કર્યો છે. ઓદ્યોગિક વિકાસની હરફાળ છતાં કૃષિ યોગ્ય વાવેતર વિસ્તાર ૧૦૮ લાખ હેકટરમાંથી ૧૪૫ લાખ હેકટર એટલે કે ૩૭ લાખ હેકટર વધ્યો છે અને ઉદ્યોગો રણકાંઠાને સમુદ્ર કિનારાની વેરાનભૂમિમાં વિકસ્યા છે.

ભારતમાં માંડ ૩ ટકા કૃષિ વિકાસનો દર છે ત્યારે ગુજરાતે લગાતાર ૧૧ ટકાનો કૃષિ વિકાસ કર્યો છે. ખેત ઉત્પાદન રૂા. ૧૪,૭૦૦ કરોડમાંથી રૂા. ૯૮,૦૦૦ કરોડ ઉપર પહોંચાડયું છે. બાગાયત ખેતીમાં ૬૦ લાખ ટનમાંથી ૧૮૦ લાખ ટન ઉત્પાદન થાય છે. દૂધમાં એક જ દશકમાં ૬૮ ટકા ઉત્પાદન વૃદ્ધિ થઈ છે અને દૂધની પ્રથમ શ્વેતક્રાંતિની સફળતા પછી ગુજરાત દૂધ જેવા સફેદ કપાસની બીજી શ્વેતક્રાંતિ કરી રહ્યું છે તેની ભૂમિકા પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપી હતી. કેળા, બટાટા, ડુંગળી, દિવેલાના પાકોની ઉત્પાદકતામાં ગુજરાતે વિશ્વમાં સૌથી વધુ સરેરાશ મેળવી છે એમ પણ તેમણે જણાવ્યું હતું અને ઉમેર્યું કે, જળસંચયથી જળસિંચનનું જન અભિયાન કરીને ગુજરાતનો ખેડૂત વેલ્યુ એડિશન એગ્રીકલ્ચર દ્વારા વિશ્વના બજારો સુધી પહોંચી ગયો છે.

---


**વડીલોને વંદન**

**અભિનંદન**

**આજે જન્મદિવસ**



મંજુલાબેન વલ્લભદાસ મણીયાર (૧૯૪૫) ફોન : ૨૩૨૩૭૫૪૭



અશ્વિનકુમાર માણેકલાલ વ્યાસ (૧૯૪૪)ફોન : ૨૩૨૨૬૦૯૮


## ગુજરાતી સાહિત્યના યશસ્વી સાહિત્યસર્જક સ્વ. ભોળાભાઈ પટેલને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૨૦

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ અને મૂર્ધન્ય સાહિત્ય સર્જક શ્રી ભોળાભાઈ પટેલના અવસાન અંગે ડા આધાત અને શોકની લાગણી વ્યકત કરી ભાવભરી શ્રધ્ધાંજલિ આપી છે.

સ્વ.ભોળાભાઈ પટેલ ગુજરાતી, અંગ્રેજી,બંગાળી અને સંસ્કૃત સહિતની ભાષાઓના અભ્યાસનિષ્ઠ સાહિત્યકાર બની રહ્યા અને તેમના સાહિત્ય સર્જનોમાં પણ વિદ્વતાનો સાક્ષાત્કાર થતો રહ્યો છે એમ જણાવી મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે યશસ્વી યોગદાન આપનારા સાહિત્યસર્જક આપણે ગુમાવ્યા છે ગુજરાતી સાહિત્ય પરિષદની ગરિમાનું સંવર્ધન કરવામાં સ્વ.ભોળાભાઈ પટેલના પ્રદાનને તેમણે બિરદાવ્યું હતું.

## શબ્દાવલી - ૪૭૩૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | | | ■ | |
| ૭ | | | ■ | ■ | ■ | ૮ | |
| | ■ | ■ | ૯ | | ૧૦ | | ■ |
| ■ | ૧૧ | ■ | | ■ | ૧૨ | | ■ |
| ૧૩ | | ૧૪ | | ■ | ■ | ■ | ૧૫ |
| | ■ | ૧૬ | | | ૧૭ | ■ | |
| | ■ | ૧૮ | | ■ | ૧૯ | | |

**આડી ચાવી**

૧. લાંબી શીંગોનું એક શાક (૪)
૪. જુલ્મ કરનાર, જુલ્મી (૩)
૬. રસવાળુ, રસ ભરેલું (૪)
૭. અમદાવાદનું એક સ્થળ જયાં નાનકડો એસ.ટી.ડેપો પણ છે (૩)
૮. એક ફિલ્મ (૨)
૯. સવારી કરનાર (૪)
૧૨. ઘડા જેવું એક વાદ્ય (૨)
૧૩. અચાનક, અણકલ્પેલ (૪)
૧૬. સફળ, અસરકારક (૪)
૧૮. જકાત, હાંસલ (૨)
૧૯. સોના કે ચાંદીનો ઢાળ (૩)

**ઊભી ચાવી**

૧. પંજાબી ડ્રેસમાં કૂર્તો અને નીચે.... હોય (૪)
૨. જરૂરત, ખપ (૪)
૩. ધોયેલ, .... કરેલ (૨)
૪. એક ધાન્ય (૨)
૫. હિંમત (૩)
૮. સાર, તાત્પર્ય (૩)
૯. કોઈને જોઈને તેના જેવું જ કરવું (૫)
૧૦. સુંદર સ્ત્રી (૨)
૧૧. શરીરના મોહક ચાળા (૨)
૧૩. મોચી અને લુહારનું એક સાધન (૩)
૧૪. ભાગ્યે એક, કોઈ એક (૩)
૧૫. ગેસ, ચૂલો (૩)
૧૭. એક તેલીબીયા (૨)

**શબ્દાવલી ૪૭૩૫ના જવાબ**

**આડી ચાવી :-** (૧) ટેકનોલોજી (૪) વજ (૫) રૂસણા (૭) નીસરણી (૧૦) નેટ (૧૧) કપ (૧૨) ભાજપા (૧૫) થયા (૧૭) ખતવણી (૧૯) રડમા (૨૦) ખાલસા (૨૨) રણીધણી (૨૩) રડવું

**ઊભી ચાવી :-** (૧) ટેકનિક (૨) નોકર (૩) જીરૂ (૪) વણાટ (૬) સનેપાત (૮) સંપથ (૯) ણીભ (૧૩) જખમારવા (૧૪) ખાણીપાણી (૧૬) પોરસવું (૧૮) વખાર (૨૧) લડ

## લીલા વૃક્ષોનું આડેધડ કટીંગ કરી વેચતા ઈસમોની પોલીસે કરેલી અટકાયત

ડીસા, તા. ૨૦

ડીસા પંથકમાં કેટલાક ઈસમો દ્વારા કલેક્ટરની સુચનાએ આ ટ્રેક્ટર તપાસ અર્થે કરાયું હતું. જેની સામે સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન વૃક્ષો કટીંગ કરી વેચાણ અર્થે લવાય છે. જેમાં ચૌક્કસ ટોળકી દ્વારા ઊંટગાડી અને



લીલા વૃક્ષોનું આડેધડ કટીંગ કરી વેચાણ કરવામાં આવી રહેલ છે. આવા ઈસમો વૃક્ષોનું કટીંગ કરી ટ્રેક્ટર અને ટ્રકો મારફતે ડીસા સહીત તાલુકામાં આવેલ શો મીલોમાં આવુ લાકડુ વેચાણ કરી પર્યાવરણનું નિકંદન કાઢી રહ્યા છે. જે સામે ડીસાના નાયબ કલેક્ટર પી.કે. હડુલાએ કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં નાયબ કલેક્ટર પી કે. હડુલાએ તપાસ કરતા હાઈ-વે વિસ્તારમાંથી એક ટ્રેક્ટર લીલા વૃક્ષો કટીંગ કરી આવતુ હોઈ આ ટ્રેક્ટર અટકાવી અને તેની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમ્યાન આ ટ્રેક્ટરમાંથી લીલાવૃક્ષોની ડાળીઓ તેમજ થડીયા મળી આવ્યા હતા. આ વૃક્ષો કટીંગ કરવા બાબતે ટ્રેક્ટર ચાલક પાસે કોઈ પાસ પરમીટ ન મળતા નાયબ દ્વારા અન્વયે દંડાત્મક કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ ટ્રેક્ટરમાં લીલા વૃક્ષો કટીંગ કરી લવાયા હોઈ અને તે રીતે આ ટ્રેક્ટરનો તેના માલીકે ગુન્હાહીત કામમાં ઉપયોગ કરેલો હોઈ પુનઃ આ ટ્રેક્ટર આવા જ કોઈ ગુન્હાહીત કામમાં ઉપયોગમાં નહી લેવાય તે માટે તેના ચાલક પાસેથી બે લાખની સોલવંતી લઈને જ ટ્રેક્ટર છોડવાનો નાયબ કલેક્ટર પી.કે. હડુલાએ ન્યાયીક આદેશ કરતા લીલા વૃક્ષો કટીંગ કરી વેચતા તત્વોમાં ભારે ભય ફેલાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે વહેપારી મથક ડીસામાં અનેક શૉ મીલો આવેલ છે. જે પૈકીની સીતેર ટકા શો મીલો લાયસન્સ ધરાવતી નથી. જેમાં થરાદ, ધાનેરા, ભીલડી તેમજ આસેડા તરફથી ટ્રેકટરોમાં વહેલી સવારથી જ આ અનઅધિકૃત વહેપાર કરતા ઈસમો કટીંગ કરેલા વૃક્ષો લાવી શો મીલોમાં ઠાલવે છે. અને શો મીલ માલીકો આ વહેપારને ઉત્તેજન આપી વૃક્ષો કટીંગ કરી વેચાણ કરતાતત્વોને નિસ્ચિત રકમ આપી પ્રોટેકશન પુરૂ પાડે છે. આ ગેરકાયદેસરના વેપારમાં સ્થાનિક ફોરેસ્ટ કર્મીઓની પણ સીધી સંડોવણી હોવાના ચોંકાવનારા અહેવાલો મળેલ છે. જેથી રાજ્ય હિતાર્થે પર્યાવરણ જાળવણી હેતુ વહીવટી તંત્ર જાગૃતતા દાખવી વહેલી સવારે સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરી આવા અનઅધિકૃત વ્યવસાયમાં સંડોવાયેલા ઈસમો સામે સખ્તાઈથી કાર્યવાહી કરે તે ઈચ્છનીય છે.



મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતના આદિવાસી સમાજમાંથી પોલિસ સનદી સેવાઓ અને વહીવટી સેવાઓમાં જોડાયેલા ૩૦ જેટલા વરિષ્ઠ અધિકારીઓએ સૌજન્ય મુલાકાત લીધી હતી અને આદિવાસી સમાજ પણ પુરૂષાર્થ કરીને ગુજરાત વિકાસમાં પોતાનું યોગદાન આપી રહ્યો છે તેમ જણાવ્યું હતું. મુખ્ય મંત્રીશ્રીએ આદિવાસી સમાજના આ વરિષ્ઠ અધિકારીઓની ગુજરાત માટેની સેવાની પ્રતિબધ્ધતાને આવકારતા જણાવ્યું કે આદિવાસી સમાજની નવી પેઢીમાં શિક્ષણ પ્રત્યે ખૂબ મોટો લગાવ અને બદલાવ નજરે પડે છે. આદિવાસીઓ માટે આઈઆઈટી અને વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સગવડો સહિત ટેલેન્ટપૂલમાં તેજસ્વી આદિવાસી વિદ્યાર્થીઓ તથા છાત્રાલયો નિવાસી શાળાઓમાં શિક્ષણની સુવિધાથી ખૂબ પરિવર્તન આવ્યું છે. સનદી સેવાઓ માટેની તાલીમ લશ્કરમાં જોડાવાના પ્રશિક્ષણ માટેની વ્યવસ્થાને પણ આદિવાસીઓમાં ખૂબ પ્રતિસાદ મળ્યો છે. આ પ્રસંગે વરિષ્ઠ પોલિસ અધિકારી શ્રી એમ.ડી.મીના, મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી કે.કૈલાસનાથન અને આદિવાસી સમાજના પદાધિકારીઓ ઉપાસ્થિત રહ્યા હતા.

## હિંમતનગરના હાજીપુરા વિસ્તારમાંથી બાઈકની ઉઠાંતરી

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગરના હાજીપુરા વિસ્તારમાંથી એક મોટર સાયકલ કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી લઈ ગયાની ફરીયાદ હિંમતનગર ટાઉનપોલીસ મથકે નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગરના હાજીપુરા વિસ્તારની મેમન એજન્સી સામે પાર્ક કરેલ અશ્વિનભાઈ જોષીની બજાજ સીટી ૧૦૦ બાઈક નં. જીજે-૯-જી-૫૦૯૭ જેની કિંમત રૂ. ૧૫૦૦૦ની કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયેલાની ફરિયાદ અશ્વિનભાઈ જોષીએ હિંમતનગર ટાઉનપોલીસ મથકે નોંધાવતા આ અંગે હે.કો. લાલાજી માનાજીએ ઈપીકો ક. ૩૭૯ મુજબનો ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સમાચાર ઝલક

- ચીનમાં વિસ્ફોટ ૨૦ ના મોત
- જામનગરમાં ડી.એસ.પી. કચેરી સામે મુસ્લિમ યુવાને ઝેર પીધું.
- દહેગામ તાલુકાના સામેત્રી ગામે રેતીની ખનન માટે તલાટી/સરપંચ સામે ભુસ્તર વિભાગે કાર્યવાહી ધરી.
- સુરતના પૂર્વ મેયર શ્રી ફકીરભાઈ ચૌહાણની જન્મદિનની ઉજવણીમાં પૂર્વ મુખ્યમંત્રીશ્રી સુરેશ મહેતા તથા ધારાસભ્ય શ્રી કલસરિયાની સુચક હાજરી.
- ગાંધીનગરના કરણસિંહ વાઘેલા બીજા નંબરે બાર કાઉન્સિલમાં વિજેતા જાહેર.
- યશવંતપુરાથી જયપુર સમર સ્પેશ્યલ ટ્રેનની શરૂઆત કરવું રેલવે.
- ગુજરાતની ખેડૂત વિધવાઓને સહાય માટે અમિતાભ બચ્ચને શ્રી ભરતસિંહ ઝાલાને પત્ર લખ્યો.
- વિસનગરમાં ૧૩ તબીબો સામે બાયોવેસ્ટ જાહેરમાં ફેંકવા બાબતે પ્રદુષણ બોર્ડની નોટિસ.
- ગુજરાતમાં સમયસર ચોમાસુ બેસવાની હવામાન વિભાગની આગાહી.
- કરજણમાં બે જુથોની અથડામણમાં પી.એસ.આઈ. ઘાયલ.
- વસ્ત્રાપુરમાં ચાર કોલગર્લ્સની ધરપકડ.
- લુણાવાડામાં ૫૮ પશુ ભરેલી ટ્રક કતલખાને લઈ જતી પકડાઈ.
- અમેરિકામાં વીડીયો કોન્ફરન્સથી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની અવાજ ગુંજી.
- અમરાઈવાડીના પોલીસ સબ ઈન્સ્પેકટર ૩૦૦૦ રૂપિયાની લાંચના છટકામાં ઝડપાયા.
- સ્પેનની ૧૮ બેંકોનું શાખ રેંટીંગ ઘટાડમાં આવ્યું. વિશ્વ મંદીની ઘેરી અસર.
- ઈટાલીમાં સ્કુલની નજીક બૉંબ વિસ્ફોટ.

## સાબરકાંઠા જિલ્લા એલ.સી.બી.એ ૨૦,૯૭,૪૦૦નો વિદેશી દારૂ પકડ્યો

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના બોરીયા ગામની સીમમાં જિલ્લા એલ.સી.બી. પોલીસે રૂ. ૨૦,૯૭,૪૦૦નો વિદેશી દારૂના જથ્થા સાથે ચાર ઈસમોની ધરપકડ કરી હતી જે અંગે હિંમતનગર પોલીસમથકે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર હિંમતનગરના બોરીયા ગામની સીમમાંથી જોગીન્દરસિંગ જાટ રહે. રૂડકી હરિયાણા, સોહનપુરી ગોસ્વામી રહે. તારાવટ, ઉદેપુર અને રાજુ મીણા રહે. બડલા ઉદેપુર નામના ત્રણ ઈસમો ટ્રક નં. એચ.આર.૪૬-સી-૧૩૧૭માં જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૪૬૯ પેટીઓ ભરી રાજકોટ વેચાણ અર્થે આપવા જવાના હતા જેની બાતમી જિલ્લા એલ.સી.બી.ને મળતા પોલીસે ઘટના સ્થળે પહોંચી ટ્રકમાંથી કુલ ૪૬૯ જેટલી દારૂની પેટીઓ કિં. રૂ. ૨૦,૯૭,૪૦૦ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૩૧,૨૬,૪૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો અને આ મામલે ત્રણેય ઈસમો જોગીન્દરસિંગ જાટ, સોહનપુરી ગોસ્વામી તથા રાજુ મીણાની અટકાયત કરી હતી. હિંમતનગર ટાઉન પોલીસે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.